* H D G - 1 6 0 8 0 0 0 1 0 1 0 3 0 0 *

**HDG-16080001010300** Seat No. ________

# First Year B. Com. (Sem. I) (CBCS) Examination

**November / December - 2017**

## Financial Accounting - I

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

૧ ૪ : ૬ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો અ-બ તથા સરખા પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો ક અને ડની પેઢીના તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ હતાં : ૨૦

| જવાબદારીઓ | અ-બ રૂ. | ક-ડ રૂ. | મિલકતો | અ-બ રૂ. | ક-ડ રૂ. |
|---|---|---|---|---|---|
| લેણદારો | ૫૦,૦૦૦ | ૨૫,૦૦૦ | પાઘડી | ૨૦,૦૦૦ | ૧૦,૨૫૦ |
| અનામત | ૨૫,૦૦૦ | ૫,૦૦૦ | પરચૂરણ | | |
| મૂડી ખાતા : | | | મિલકતો | ૭૫,૦૦૦ | ૬૦,૦૦૦ |
| અ | ૨૫,૦૦૦ | - | રોકડ | ૩૦,૦૦૦ | ૪,૭૫૦ |
| બ | ૨૫,૦૦૦ | - | | | |
| ક | - | ૨૭,૫૦૦ | | | |
| ડ | - | ૧૭,૫૦૦ | | | |
| | **૧,૨૫,૦૦૦** | **૭૫,૦૦૦** | | **૧,૨૫,૦૦૦** | **૭૫,૦૦૦** |

આ તારીખે નીચેની શરતોએ પેઢીઓનું સંયોજન કરવામાં આવ્યું :

(૧) નવી પેઢીમાં અ, બ, ક અને ડ વચ્ચે નફા-નુકસાનનું પ્રમાણ ૨ : ૨ : ૧ : ૧નું રાખવું.

(૨) અ અને બની પેઢીની પરચૂરણ મિલકતો ચોપડે દર્શાવેલી કિંમતે અને ક અને ડની પેઢીની પરચૂરણ મિલકતો રૂ. ૫૩,૨૦૦ની કિંમતે લેવાની છે. પાઘડી ખાતું પૂરી કિંમતે ચોપડે દર્શાવવું.

(૩) નવી પેઢીમાં મૂડી ખાતાં નફા-નુકસાનના પ્રમાણમાં રાખવા માટે જરૂરી રોકડ લાવવી કે લઈ જવી.

બંને પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતાં તૈયાર કરો અને નવી પેઢીના ચોપડે શરૂઆતનું પાકું સરવૈયું બનાવો.

**અથવા**

૧ નીતા અને નીલુ તેમની પેઢીમાં ૨ : ૧ના પ્રમાણમાં તથા નારણ અને નૈનીત તેમની પેઢીમાં ૩ : ૨ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. બંને પેઢીઓનાં પાકાં સરવૈયાં નીચે પ્રમાણે છે : ૨૦

| **મૂડી-દેવાં** | **નીતા-નીલુ રૂ.** | **નારણ-નૈનીત રૂ.** | **મિલકતો** | **નીતા-નીલુ રૂ.** | **નારણ-નૈનીત રૂ.** |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | ફર્નિચર | ૧૫,૭૫૦ | ૧૮,૦૦૦ |
| નીતા | ૩૩,૭૫૦ | - | સ્ટૉક | ૨૨,૫૦૦ | ૨૯,૨૫૦ |
| નીલુ | ૨૭,૦૦૦ | - | દેવાદારો | ૨૭,૦૦૦ | ૩૩,૭૫૦ |
| નારણ | - | ૪૫,૦૦૦ | લેણીહૂંડી | ૯,૦૦૦ | ૧૩,૫૦૦ |
| નૈનીત | - | ૨૨,૫૦૦ | રોકડ | ૨૯,૨૫૦ | ૩૧,૫૦૦ |
| સામાન્ય અનામત | ૧૩,૫૦૦ | ૨૨,૫૦૦ | | | |
| કારીગર અકસ્માત ભંગોળ | ૬,૭૫૦ | ૪,૫૦૦ | | | |
| લેણદારો | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ | | | |
| | **૧,૦૩,૫૦૦** | **૧,૨૬,૦૦૦** | | **૧,૦૩,૫૦૦** | **૧,૨૬,૦૦૦** |

બંને પેઢીઓનું સંયોજન કરી નવી પેઢી સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું. સંયોજનની શરતો નીચે પ્રમાણે હતી :

(૧) બંને પેઢીના ફર્નિચરની કિંમતમાં ૧૦% ઘટાડો કરવો.

(૨) બંને પેઢીના સ્ટૉકમાં ૨૦% વધારો કરવો.

(૩) દેવાદારો પર ૧૦% ઘાલખાધ અનામત ગણવી.

(૪) નીતા-નીલુની પાઘડીની કિંમત રૂ. ૧૩,૫૦૦ અને નારણ-નૈનીતની પેઢીની પાઘડીની કિંમત ૩૬,૦૦૦ ગણવી.

(૫) નીતા-નીલુની પેઢીની લેણીહૂંડી ૧૦% ઓછી કિંમતે અને નારણ-નૈનીતની પેઢીની લેણીહૂંડી નવી પેઢીમાં ૨૦% ઓછી કિંમતે દર્શાવવાની છે. બંને પેઢીના ચોપડામાં નફા-નુકસાન હવાલા ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં બનાવો અને નવી પેઢીનું પાકું સરવૈયું બનાવો.

૨ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ કલ્પનાએ દરેક રૂ. ૧૫૦ની પડતર કિંમતના ૧૦૦૦ રેડિયો દરેક રૂ. ૧૮૦ની ભરતિયા કિંમતે કીર્તિને આડતથી વેચવા મોકલ્યા. કલ્પનાએ માલ મોકલતાં નીચે મુજબ ખર્ચ કર્યો : ૨૦

નૂર રૂ. ૧,૫૦૦ અને વીમો રૂ. ૬,૦૦૦.

કીર્તિ કુલ વેચાણ પર ૧૦% કમિશન અને ઉધાર વેચાણ પર ૫% આસામી આડત મેળવવા હકદાર છે.

તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ કીર્તિએ વેચાણ આંકડો અને તેની પાસેથી લેણી રકમનો બૅન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. તેની પાસેથી મળેલ વેચાણ આંકડા મુજબ ૫૦૦ રેડિયો, દરેક રૂ. ૨૧૦ની કિંમતે રોકડેથી વેચ્યા હતા અને ૨૦૦ રેડિયો, દરેક રૂ. ૨૨૫ની કિંમતે ઉધાર વેચ્યા હતાં. આડતિયાએ નીચે મુજબ ખર્ચ કર્યો :

માલ છોડાવવાનો ખર્ચ ૧,૨૭૫, વખાર અને સંગ્રહ ખર્ચ ૨,૫૫૦ અને પેકિંગ અને વેચાણ ખર્ચ રૂ. ૯૦૦. રસ્તામાં ૫૦ રેડિયોને સંપૂર્ણ નુકસાન થયું હતું અને

વીમા કંપનીએ રૂ. ૫,૪૦૦નો દાવો સ્વીકાર્યો હતો. એમ જાણવા મળ્યું હતું કે ૧૦૦ રેડિયો હજુ રસ્તામાં (in transit) હતાં.

માલધણીના ચોપડે, આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું તૈયાર કરો તથા આડતિયાના ચોપડે માલધણીનું ખાતું તૈયાર કરો.

**અથવા**

૨ રાજકોટના રાજેશ ટ્રેડર્સે મુંબઈના મીતેષ બ્રધર્સને તા. ૧-૪-૨૦૧૭ના રોજ ૨૦ ઓઈલ એન્જિન દરેક રૂ. ૪૦,૦૦૦ની મૂળ કિંમતના આડતથી વેચવા મોકલ્યા. રાજેશ ટ્રેડર્સે માલ મોકલતા નૂર અને વીમાના રૂ. ૪,૮૦૦ ચૂકવ્યા હતા. ૨૦

તા. ૧-૪-૨૦૧૭ના રોજ રાજેશ ટ્રેડર્સે રૂ. ૪,૦૦,૦૦૦ની ત્રણ માસની મુદતની એક હૂંડી મીતેષ બ્રધર્સ ઉપર લખી જે તેણે સ્વીકારીને તરત જ રાજેશ ટ્રેડર્સને પરત કરી. રાજેશ ટ્રેડર્સે આ હૂંડી તા. ૧-૫-૨૦૧૭ના રોજ બૅન્કમાં વાર્ષિક ૧૨%ના દરે વટાવી હતી.

મીતેષ બ્રધર્સ ૫% લેખે સામાન્ય આડત અને ૨% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે.

તા. ૩૧-૮-૨૦૧૭ના રોજ મીતેષ બ્રધર્સે વેચાણ - આંકડો અને તેમની પાસેની લેણી રકમનો બૅન્ક ડ્રાફ્ટ મોકલી આપ્યો. તેણે વેચાણ આંકડામાં જણાવ્યું હતું કે :

(૧) તેણે જકાતના રૂ. ૩,૦૦૦, વચગાળાના વીમાના રૂ. ૩,૦૦૦ અને જાહેરાતના રૂ. ૧૦,૦૦૦ ચૂકવ્યા હતા.

(૨) તેણે ૧૦ ઓઈલ એન્જિન દરેક રૂ. ૫૦,૦૦૦ની કિંમતે રોકડેથી વેચ્યા હતાં.

(૩) તેણે ૪ ઓઈલ એન્જિન દરેક રૂ. ૫૫,૦૦૦ની કિંમતે બાબુલાલને ઉધાર વેચ્યાં હતાં.

(૪) તેણે એક ઓઈલ એન્જિન પોતાના અંગત ઉપયોગ માટે ૪૪,૦૦૦ રૂપિયાની કિંમતે ખરીદેલ હતું.

(૫) બાબુલાલ નાદાર જાહેર થયા હતા, તેમની પાસેથી રૂપિયે ૯૦ પૈસા લેખે આખરી ડિવિડન્ડ વસૂલ થઈ શક્યું હતું.

(૬) વર્ષ દરમિયાન તેમના ગોડાઉનમાં આગ લાગવાથી એક ઓઈલ એન્જિન સંપૂર્ણપણે નાશ પામ્યુ હતું અને વીમા કંપનીએ રૂ. ૨૮,૦૦૦નો દાવો સ્વીકાર્યો હતો.

ઉપરની વિગતો ઉપરથી રાજેશ ટ્રેડર્સના ચોપડામાં આડતમાલ ખાતું અને મીતેષ બ્રધર્સનું ખાતું તૈયાર કરો.

૩ તા. ૧-૧-૨૦૧૭ના રોજ કુનાલ અને પંક્તિ સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચી લેવાની શરતે એક સંયુક્ત સાહસમાં જોડાયા. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે કુનાલને તેણે કરેલા વેચાણ પર ૧૦% કમિશન આપવું અને પંક્તિને માસિક રૂ. ૧,૦૦૦ પગાર આપવો. તા. ૩૦-૬-૨૦૧૭ના રોજ પૂરા થતા સમયના સંયુક્ત સાહસના વ્યવહારો નીચે મુજબ હતા : **૧૫**

(૧) કુનાલે રૂ. ૭૭,૦૦૦નો માલ પોતાના સ્ટૉકમાંથી આપ્યો અને રૂ. ૪,૩૭૫ નૂર તથા વીમાના ચૂકવ્યા.

(૨) પંક્તિએ રૂ. ૭૦,૦૦૦નો માલ ૧૦% વેપારી વટાવે ખરીદી સંયુક્ત સાહસમાં આપ્યો અને રૂ. ૨,૬૨૫ નૂર તથા ગાડા ભાડાના ચૂકવ્યા.

(૩) કુનાલે કેટલોક માલ રૂ. ૧,૭૫,૦૦૦ની કિંમતે વેચ્યો અને વેચાણ ખર્ચના રૂ. ૩,૫૦૦ ચૂકવ્યા.

(૪) કુનાલે નહિ વેચાયેલો બાકીનો રૂ. ૩૫,૦૦૦નો માલ પડતર કિંમત પર ૨૦% નફો ચઢાવીને વેચ્યો અને રૂ. ૨,૦૬૫ જાવકમાલ ગાડાભાડાના ચૂકવ્યા.

(૫) તા. ૩૦-૬-૨૦૧૭ના રોજ સંયુક્ત સાહસનો ધંધો બંધ કરી બંને ભાગીદારોએ પોતાના હિસાબો ચૂકતે કર્યા.

ઉપરની વિગતો પરથી તૈયાર કરો :

(૧) કુનાલના ચોપડામાં (i) સંયુક્ત સાહસનું ખાતું અને (ii) પંક્તિનું ખાતું.

(૨) પંક્તિના ચોપડામાં કુનાલનું ખાતું.

**અથવા**

૩ રેખા અને રાખી બંને એક ડેમ બાંધવાના સંયુક્ત સાહસમાં જોડાય છે. આ માટે તેઓએ એક સંયુક્ત બૅન્ક ખાતું ખોલાવ્યું છે, જેમાં રેખા રૂ. ૭,૫૦,૦૦૦ અને રાખી રૂ. ૯,૦૦,૦૦૦ ભરે છે. **૧૫**

કરારની કિંમત રૂ. ૩૦,૦૦,૦૦૦ છે. જે પૈકી ૭૦% રકમ રોકડમાં મળશે અને બાકીની રકમ શૅર-ડિબેન્ચર સ્વરૂપે મળશે.

નીચેના ખર્ચાઓ બૅન્ક મારફત ચૂકવાય છે :

| | રૂ. |
|---|---|
| માલસામાન .................. | ૧૦,૫૦,૦૦૦ |
| મજૂરી ........................ | ૪,૫૦,૦૦૦ |
| મેપ ડિઝાઈન ................. | ૧,૫૦,૦૦૦ |
| લિગલ ફી ....................... | ૭૫,૦૦૦ |

રેખાએ રૂ. ૨,૨૫,૦૦૦નો માલ અંગત રીતે પૂરો પાડેલ છે. રાખી સુપરવાઈઝર તરીકે પણ કામ કરે છે. તેને કરાર કિંમતના ૨% વેતન ચૂકવવાનું છે. કામ પૂરું થતા બાકીનો માલ-સામાન રેખા રૂ. ૭૫,૦૦૦ની કિંમતે સ્વીકારે છે.

કરાર મુજબ રકમ ચૂકવાઈ ગઈ છે. રૂ. ૯,૦૦,૦૦૦ના શૅર ડિબેન્ચર બજારમાં વેચતા રૂ. ૧૦,૦૦,૦૦૦ ઉપજ્યા છે.

ઉપરોક્ત માહિતી ઉપરથી તમો :

(૧) સંયુક્ત સાહસ ખાતું

(૨) ભાગીદારોનાં મૂડી ખાતાં

(૩) સંયુક્ત બૅન્ક ખાતું તૈયાર કરો.

૪ છગન અને મગન ૩ : ૨ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. ૧-૧-૨૦૧૩ના રોજ તેમણે રૂ. ૫,૦૦,૦૦૦ની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી તેનું વાર્ષિક પ્રીમિયમ રૂ. ૪૦,૦૦૦ છે. પેઢીના ચોપડે પોલિસી ખાતું શરણમૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે. પેઢીનું હિસાબી વર્ષ તા. ૩૧ ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. જુદા-જુદા વર્ષે શરણમૂલ્ય નીચે મુજબ હતું : **૧૫**

| વર્ષ | શરણમૂલ્ય રૂ. |
|---|---|
| ૨૦૧૩ | ....................શૂન્ય |
| ૨૦૧૪ | ....................કુલ ભરેલ પ્રીમિયમના ૧૦% |
| ૨૦૧૫ | ....................કુલ ભરેલ પ્રીમિયમના ૨૦% |
| ૨૦૧૬ | ....................કુલ ભરેલ પ્રીમિયમના ૩૦% |

તા. ૧-૨-૧૭ના રોજ મગન મૃત્યુ પામ્યો, તેથી તા. ૨૮-૨-૧૭ના રોજ વીમા કંપની તરફથી બોનસ સહિત રૂ. ૫,૫૦,૦૦૦ ચૂકવવામાં આવ્યા. પેઢીના ચોપડે સંયુક્ત જીવન વીમા પોલિસીનું ખાતું તથા સંયુક્ત જીવન વીમા પોલિસી અનામત ખાતું તૈયાર કરો.

**અથવા**

૪ ઉપરના દાખલા (પ્રશ્ન-૪) અંગે બધા વર્ષ માટે જરૂરી આમનોંધ લખો. **૧૫**

## ENGLISH VERSION

1 Following are the Balance Sheets as on 31st March, 2016 of the two firms of A and B who share Profits and Losses in the ratio of 4 : 6 and C and D who shares Profit and Losses Equally : **20**

| ***Liabilities*** | ***A-B Rs.*** | ***C-D Rs.*** | ***Assets*** | ***A-B Rs.*** | ***C-D Rs.*** |
|---|---|---|---|---|---|
| Creditors | 50,000 | 25,000 | Goodwill | 20,000 | 10,250 |
| Reserve | 25,000 | 5,000 | Sundry Assets | 75,000 | 60,000 |
| Capital A/cs. | | | | | |
| A | 25,000 | - | Cash | 30,000 | 4,750 |
| B | 25,000 | - | | | |
| C | - | 27,500 | | | |
| D | - | 17,500 | | | |
| | ***1,25,000*** | ***75,000*** | | ***1,25,000*** | ***75,000*** |

On this date both the firms amalgamated on following terms :

(1) Profits will be shared among A, B, C and D in the ratio of 2 : 2 : 1 : 1 in the new firm.

(2) Sundry assets of A and B were taken over at book values and the sundry assets of C and D at Rs. 53,200. Goodwill to be shown at its fully value.

(3) Capitals of the partners should be in their profit-sharing ratio in the new firm and the difference to be adjusted in cash.

Open the necessary accounts in the books of both the firms and prepare opening Balance Sheet of the new firm.

**OR**

1 Nita and Nilu share Profit and Losses in 2 : 1 and Naran and Nainit share Profit - Loss in 3 : 2 in their respective firms. The Balance Sheets of both the firms are as under : **20**

| ***Liabilities*** | ***Nita & Nilu Rs.*** | ***Naran & Nainit Rs.*** | ***Assets*** | ***Nita & Nilu Rs.*** | ***Naran & Nainit Rs.*** |
|---|---|---|---|---|---|
| Capital : | | | Furniture | 15,750 | 18,000 |
| Nita | 33,750 | - | Stock | 22,500 | 29,250 |
| Nilu | 27,000 | - | Debtors | 27,000 | 33,750 |
| Naran | - | 45,000 | Bills receivable | 9,000 | 13,500 |
| Nainit | - | 22,500 | Cash | 29,250 | 31,500 |
| General reserve | 13,500 | 22,500 | | | |
| Workmen's Accident fund | 6,750 | 4,500 | | | |
| Creditors | 22,500 | 31,500 | | | |
| | ***1,03,500*** | ***1,26,000*** | | ***1,03,500*** | ***1,26,000*** |

A New firm is established by amalgamating both the firms. Following are the conditions of the amalgamation :

(1) Depreciate furniture of both the firms by 10%.

(2) Appreciates stock of both the firms by 20%.

(3) Keep 10% bad debt reserve on debtors.

(4) Goodwill of the firm of Nita - Nilu is valued at Rs. 13,500 and Goodwill of the firm of Naran-Nainit is valued at Rs. 36,000.

(5) The bills receivable of the firm of Nita - Nilu at 10% less and the bills receivable of the firm of Naran - Nainit is to shown in the New firm at 20% less value.

(i) Prepare Profit and Loss Adjustment Account and Capital Accounts of the partners in both the old firms.

(ii) Prepare Balance Sheet of the New firm.

2 On 1st January, 2017 Kalpana consigned 1,000 Radios costing Rs. 150 each to Kirti at an invoice price of Rs. 180 each. Kalpana incurred the following expenses at the time of despatching the goods : 20

Freight Rs. 1,500, Insurance Rs. 6,000.

Kirti is entitled to get 10% commission on total sales and 5% del credere commission on credit sales.

On 31st March, 2017 Kirti sent an Account Sales and a Bank draft for the payment due from him. According to the Account Sales received from him 500 Radios at Rs. 210 each were sold for cash and 200 Radios at Rs. 225 each were sold on credit. The consignee incurred the following expenses :

Clearing charges .......................... 1,275

Warehousing charges .................... 2,550

Packing and selling expenses ......... 900

During the transit 50 Radios were totally damaged and the insurance company admitted the claim of Rs. 5,400, it was found that 100 Radios were still in transit.

Prepare Consignment Account and Consignee's Account in the books of Consignor and Consignor's Account in the books of Consignee.

**OR**

2 Rajesh Traders of Rajkot consigned 20 oil engine to Mitesh Brothers of Mumbai at cost price of Rs. 40,000 each on 1-4-2017. Rajesh Traders paid Rs. 4,800 for Freight and Insurance, while sending the goods. **20**

On 1-4-2017 Rajesh Traders drew a bill of Rs. 4,00,000 for three months on Mitesh Brothers, which was immediately returned by the latter, duly accepted. Rajesh Traders discounted this bill in a bank on 1-5-2017, at 12% discount per annum.

Mitesh Brothers is entitled to get general commission at the rate of 5% and del credere commission at the rate of 2%.

On 31-8-2017 Mitesh Brothers sent an Account sale and a bank draft for the amount due from him. He reported in the Account sale that :

(1) He paid Rs. 3,000 for octroi, Rs. 3,000 for insurance and Rs. 10,000 for advertisement.

(2) He sold 10 oil engine sets at the rate of Rs. 50,000 each for cash.

(3) He sold 4 oil engine sets at the rate of Rs. 55,000 each to Babulal on credit.

(4) He purchased one oil-engine set for his personal use at Rs. 44,000.

(5) Babulal was declared insolvent and 90 paise in a rupee could be recovered from him as final dividend.

(6) During the course of the year, fire took place in his godown and one oil engine set was completely destroyed, against which the insurance company accepted a claim of Rs. 28,000.

From the above particulars prepare Consignment Account and Mitesh Brothers Account in the books of Rajesh Traders.

3 On 1-1-2017 Kunal and Pankti entered in to a Joint venture with a condition to share Profits and Losses equally. It was decided that Kunal is to be paid a commission at the rate of 10% on sales made by him and Pankti is to be paid a salary of Rs. 1,000 per month. **15**

Following were the transactions relating to Joint Venture for the period ended on 30-6-2017.

(1) Kunal gave goods worth Rs. 77,000 from his own stock and paid Rs. 4,375 for freight and insurance.

(2) Pankti purchased goods worth Rs. 70,000 at 10% trade discount and gave the same in joint venture. She paid Rs. 2,625 for freight and carriage charges.

(3) Kunal sold some of the goods for Rs. 1,75,000 and paid Rs. 3,500 as sales expenses.

(4) Kunal sold remaining unsold goods worth Rs. 35,000 after adding therein 20% profit on cost price and paid Rs. 2,065 for carriage outward.

(5) On 30-6-2017 the Joint venture business was closed and both the co-venturers settled their accounts.

From the above particulars prepare :

(1) In the books of Kunal,

  (i) Joint Venture Account and

  (ii) Pankti's Account.

(2) Kunal's Account in the books of Pankti.

**OR**

3 Rekha and Rakhi entered in the Joint venture for DEM construction. For this purpose they opened a Joint bank account in which Rekha deposited Rs. 7,50,000 and Rakhi deposited Rs. 9,00,000. **15**

The contract price was Rs. 30,00,000, of which 70% amount is payable in cash and remaining amount in shares and debentures.

The following expenses were paid from bank :

| | ***Rs.*** |
|---|---|
| Materials .......................... | 10,50,000 |
| Wages ................................ | 4,50,000 |
| Map designs ...................... | 1,50,000 |
| Legal fees ............................. | 75,000 |

Goods worth Rs. 2,25,000 provided by Rekha personally. Rakhi worked as supervisor also. She will paid 2% of contract price as remuneration. On completion of the contract Rekha purchased remaining materials for Rs. 75,000.

Contract price received as per agreement. Shares and debentures worth Rs. 9,00,000 are sold in the market for Rs. 10,00,000.

From the above information you are required to prepare :

(1) Joint Venture Account

(2) Capital Accounts of Partners

(3) Joint Bank Account.

4 Chhagan and Magan are partners sharing Profits and Losses in the ratio of 3 : 2. They took out a Joint Life Policy of Rs. 5,00,000 on 1-1-2013. The annual premium of the same is Rs. 40,000. The policy account is shown at its surrender value in books of the firm. The accounting year of firm ends on 31st December. The surrender value in the different years was as under : **15**

| *Year* | *Surrender Value (Rs.)* |
|---|---|
| 2013 | Zero |
| 2014 | 10% of total premium paid |
| 2015 | 20% of total premium paid |
| 2016 | 30% of total premium paid |

Magan expired on 1-2-2017. Insurance Company paid Rs. 5,50,000 including bonus, for Joint Life Policy on 28-2-2017.

You are required to prepare Joint Life Policy Account and Joint Life Policy Reserve Account in the books of the firm.

**OR**

4 Give Journal Entries for the above Example (Q. No. 4). **15**